# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# CM - BK GARIB KALYAN MELO

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના ડિસામાં રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળાનો આરંભ કરાવ્યો હતો..

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને સીધો લાભ અપાયો હતો.. મુખ્યમંત્રીના હસ્તે ગરીબ કલ્યાણ મેળા દ્વારા 45.80 કરોડ રૂપિયાના યોજનાકીય લાભોનું લાભાર્થીઓને વિતરણ કરાયું હતું.

અગાઉ પાણી પુરવઠાની 633 કરોડ રૂપિયાની બે યોજનાઓનો મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. આ યોજનાને કારણે બનાસકાંઠાના 192 ગામના કુલ 7લાખ નાગરિકો માટે દરરોજ 6.40 કરોડ લિટર પીવાનું પાણી મળશે. આ યોજના થકી ડીસા લાખણી અને કાંકરેજ દિયોદર સહિત થરા શહેરને પીવાનું પાણી મળી રહેશે.

. . . . . . . . . . . . .

## GARIB KALYAN MELA - DISTRICT

આજથી રાજ્યભરમાં ગરીબ કલ્યાણ મેળાનો આરંભ થયો છે.

રાજયકક્ષા વન અને પર્યાવરણ મંત્રી મુકેશભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત નવસારી જિલ્લામાં 1741 લાભાર્થીઓને રૂ.8 કરોડની સહાય-સાધનોના લાભો અર્પણ કરાયા હતા.

તાપી જિલ્લામાં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળમાં રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાની હાજર રહ્યા હતા. સાથે બારડોલી મત

વિસ્તારના સાંસદ પ્રભુ વસાવા, સહિતના આગેવાનો અને અધિકારીઓ હાજર રહ્યા હતા, મેળામાં જિલ્લાના અલગ અલગ વિસ્તારના લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ કરોડો રૂપિયાના લાભ મહાનુભવોના હસ્તે આપવામાં આવ્યા હતા.

મહેસાણા ખાતે ઉદ્યોગમંત્રી બળવતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો..

દાહોદ જીલ્લાનો ગરીબ કલ્યાણ મેળો પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં  યોજાયો હતો..આ કાર્યક્રમમાં અનેક સરકારી યોજનાઓ અન્વયે સ્થળ પરથી જ લાભ-સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કચ્છના ભુજ ખાતે આયોજીત ૧૪માં તબક્કાના ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને સીધો લાભ પહોંચાડાયો હતો.. ભુજ ખાતે આયોજીત આ  મેળામાં ૧૦ તાલુકાના ૪૭ હજાર ૪૫૯ લાભાર્થીઓને ૧૧ વિભાગની ૮૯ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી હતી..

અરવલ્લી જીલ્લામાં પણ સાંસદ શોભના બારૈયાની ઉપસ્થિતિમાં આ ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો.. જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળામાં ૧૪ હજારથી વધુ લાભાર્થીઓને રૂ .૪૪ કરોડની સહાયના વિતરણ કરવામાં આવ્યુ હતું.

ડાંગના આહવામાં સ્વરાજ  આશ્રમના ટિમ્બર હોલ  ખાતે નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧ હજાર ૪૩૪ લાભાર્થીઓને ૪ કરોડ ૨૬ લાખ રૂપિયાના વિવિધ લાભો એનાયત કરાયા હતા.

-------------------

# GUJARAT VISITORS

આજે વિશ્વ પ્રવાસન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસનો ઉદ્દેશભાવિ પેઢીઓ માટે વધુ ટકાઉ અને સમાન પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો છે.

રાજ્યમાં ગત વર્ષ 2023-24માં કુલ 18 કરોડ 59 લાખથી વધુ પ્રવાસીઓ ગુજરાતના મહેમાન બન્યા છે તેમ, પ્રવાસન મંત્રી મુળુ બેરાએ જણાવ્યું છે.

તેમાં 17 કરોડ 50 લાખ સ્થાનિક પ્રવાસીઓ તેમજ 23 લાખ 43 હજાર વિદેશી પ્રવાસીઓનો સમાવેશ થાય છે. ગયા વર્ષની સરખામણીએ વર્ષ 2023-24માં ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં 24 ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. મંત્રી મુળુભાઈએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, દેશભરમાંથી સૌથી વધુ 1 કરોડ 65 લાખ માઈ ભક્તોએ અંબાજી ખાતે માં અંબાના દર્શનનો લાભ લીધો છે. જ્યારે દેશના પ્રથમ જ્યોતિલિંગ એવા સોમનાથ મંદિર ખાતે 97 લાખ 93 હજાર પ્રવાસીઓએ દર્શનનો લાભ લીધો છે.

અમદાવાદના કાંકરિયા લેક ફ્રન્ટ પર 79 લાખ, સાબરમતી રિવરફ્રન્ટની 44 લાખ, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 43 લાખ કરતાં વધુ એમ મળીને કુલ 193 લાખ જેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.

-----------------------------------

# STATE RAIN

રાજ્યમાં ફરી વખત વરસાદનો નવો રાઉન્ડ શરૂ થયો છે. ગઇકાલ રાતથી અત્યાર સુધીમાં અનેક સ્થળોએ વરસાદ વરસવાના અહેવાલ સાંપડી રહ્યાં છે. જેમાં જામનગર જિલ્લાના તમામ તાલુકાઓમાં ગઈકાલે રાત્રે ધોધમાર વરસાદ વરસ્યો હતો..જેમાં સરેરાશ અડધો ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો

ભાવનગરમાં પણ ભારે વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.. ઘોઘા માં છ ઇંચ ભાવનગર શહેર, પાલીતાણા અને સિહોરમાં ચાર ઇંચ વરસાદ વરસ્યો હતો..

છોટાઉદેપુર જિલ્લામાં 3 ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે અને આજે સવારથી જ કાળા ધીબાંગ વાદળો વચ્ચે વરસાદી વાતાવરણ સર્જાયું છે. જિલ્લામાં સરેરાશ 120 ટકા જેટલો વરસાદ વરસ્યો છે..

તપી જિલ્લામાં ગતરોજ મોડી રાત્રે પડેલ ધોધમાર વરસાદ અને પગલે ઉકાઈ ડેમની પાણીની આવકમાં ફરી વધારો થયો છે.

ડેમના ઉપરવાસમાંથી 1 લાખ 13 હજાર 567 ક્યુસેક પાણીની આવક સામે પાણીની જાવક..78 હજાર 644 ક્યુસેક છે. ડેમના 6 ગેટ 5.5 ફૂટ ખોલીને તાપી નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે..હાલમાં ડેમની જળ સપાટી 344.05 ફૂટ પર પહોંચી છે.

બીજીતરફ હવામાન વિભાગે આજે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, દાદરા નગર હવેલી, ડાંગ, તાપીમાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે ભરૂચ, વડોદરા, સુરતમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું હતું.

----------

# GUJ VIDHANSABHA VITTHAL PATEL

ગુજરાત વિધાનસભા ભવનનું નામ જેમના નામ ઉપરથી અપાયું છે એવા વિઠ્ઠલભાઇ પટેલની  આજે ૧૫૧મી જન્મજયંતિ છે. આ  નિમિતે ગાંધીનગરના મેયર મીરા પટેલે અધિકારીઓ અને ગાંધીનગર મહાનગર પાલિકાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં ગુજરાત વિધાનસભા પટાંગણમાં આવેલી પ્રતિમા સમક્ષ અને ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતેના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

વર્ષ ૧૯૨૫થી મધ્યસ્થ ધારાસભાના પ્રથમ ભારતીય પ્રમુખ અને સ્વરાજ પાર્ટીના સહ સંસ્થાપક વિઠ્ઠલભાઈ પટેલનો જન્મ ૨૭મી સપ્ટેમ્બર ૧૮૭૩ના રોજ નડિયાદમાં થયો હતો. તેઓ તેમની મુત્સદ્દીગીરી માટે ભારતભરમાં વખાણાતા હતા. વર્ષ ૧૯૩૦માં આઝાદીની ચળવળ શરૂ થતાં મધ્યસ્થ ધારાસભામાંથી રાજીનામું આપી સક્રિય રીતે આઝાદીના લડતમાં જોડાયા હતા.

----------------